પેન્શનરોની રજુઆત માટે તેઓને કારણસહિત પ્રત્યુત્તર આપવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક : હિતિનિ/ટી.સી/કા.૧૨૬/૧૧૩૬/૫૫૨૦૯ થી ૧૧૨૩૩
તારીખ:૨૧-૧૧-૨૦૦૭.

:: પરિપત્ર નંબર : ૩૦ / ૨૦૦૭

નાણાં વિભાગના તા.૧૯/૯/૦૭ના પત્ર ક્રમાંક: તજર/૧૦૨૦૦૬/શ્રુ/૪૪/ઝ થી અત્રે જણાવ્યા મુજબ પેન્શનર તરફથી પેન્શન/ કુટુંબ પેન્શન, તબીબી સારવારના બીલો, પેન્શનરના અવસાન બાદ અંત્યેષ્ઠીની રકમ મેળવવા કે મંદ બુદ્ધી કે અપંગ સંતાનનું નામ પીપીઓ માં દાખલ કરવા બાબતે સંબંધિત તિજોરી અધિકારીશ્રીને કરવામાં આવતી રજુઆતના અનુસંધાને તિજોરી અધિકારીશ્રી દ્વારા ફક્ત નિર્ણયની જાણ પેન્શનરને કરવામાં આવે છે. પરંતુ આ રજુઆત કયા નિયમો / પરિપત્રોની કંઈ જોગવાઈ ને આધિન સ્વીકારવાપાત્ર નથી તેની વિગતવાર સ્પષ્ટતા સાથે પેન્શનરને જાણ કરવામાં આવતી નથી.

આથી પેન્શનરની રજુઆતના સંદર્ભમાં રજુઆત નકારવાના પ્રસંગે નિયમો/ પરિપત્રોની જોગવાઈઓ સ્પષ્ટ દર્શાવીને વિગતવાર કારણો સહિત પેન્શનરને પ્રત્યુત્તર આપવા માટેની પૂરતી તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

નિયામક

પ્રતિ,
શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
........................

નકલ સવિનય રવાનાઃ-
ઉપસચિવશ્રી, નાણાં વિભાગ, 'ઝ' શાખા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.